ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૧૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૯૮ ટકા

# મીનાબજારમાં ઠંડા વાતાવરણને પગલે દોઢ લાખની ચા પીવાઈ

## મીનાબજારમાં રોજની એકાદ લાખની ચા વેચાય છે : ઠંડા વાતાવરણ અને વરસાદને પગલે ચાનો ઉપાડ દોઢો થઈ જવા પામ્યો

ગાંધીનગર, તા.૫

ઓખી વાવાઝોડાની આડ અસરરૂપે શહેરમાં વરસેલા વરસાદે વાતાવરણ ઠંડુગાર કરી દીધું હતું. વાતાવરણમાં ઠંડક છવાઈ જવાને પગલે શહેરમાં ચાની કિટલીઓનો વેપાર વધી જવા પામ્યો હતો. જુના સચિવાલયના અધિકારીઓ તથા કર્મચારીઓએ મીનાબજારમાં ચાની કિટલીઓ પર તડાકો બોલાવ્યો હતો. એક અંદાજ મુજબ આજના દિવસમાં જુના સચિવાલયના કર્મચારીઓ આશરે દોઢેક લાખની ચા પી ગયા હતા.

શિયાળાની ઋતુમાં પણ સરેરાશ ચાનો ઉપાડ વધુ રહે છે. ગરમા ગરમ ચા એ ઠંડીમાં શરીરને હુંફ પુરી પાડે છે અને આળસ ઉડાડે છે તેવું ચા રસિયાઓનું માનવું છે. જેમ ચોમાસાની ઋતુમાં ભજીયા-દાળવડા ખાવા બધાને પ્રિય હોય છે તેમ શિયાળામાં ચાનો ઉપાડ વધી જાય છે. જો કે ચા એ શહેરમાં દરેક સીઝનનું ઑલ ટાઈમ ફેવરિટ પીણું છે અને ખાસ કરીને સરકારી કાર્યાલયોમાં 'અડધી ચા'નું ખુબ મહત્વ છે. આજે શહેરમાં વરસાદી વાતાવરણ સર્જાતા સમગ્ર શહેર ઠંડુગાર થઈ જવા પામ્યું હતું જેના પગલે સરકારી બાબુઓને વારંવાર ચા પીવાની તલપ લાગી હતી અને ઓફિસમાંથી વારે ઘડીયે 'ચા'ના ઓર્ડર છુટતા હતા.

જુના સચિવાલયને અડીને આવેલું મીનાબજાર ચા રસિયાઓ માટે પસંદગીનું સ્થળ છે અને બપોરની રિશેષ દરમિયાન સરકારી બાબુઓના અહીં ચા પીવા ટોળે ટોળા ઉમટી પડે છે. આજે વરસાદી વાતાવરણના પગેલ ચા પીવા કર્મચારીઓએ રીતસર ધસારો કર્યો હતો અને ઘણા કર્મચારીઓએ આજે એકથી વધુ વાર ચા માત્ર રિશેષમાં જ ગટગટાવી હતી. મીનાબજારની ચાની કિટલી ચલાવતા વેપારી સાથે વાત કરતા એક અંદાજ બંધાયો હતો કે દરરોજના ચાના એકાદ લાખના વેપારની સામે આજે દોઢો વેપાર થવા પામ્યો હતો.



## વાતવાતમાં

● ગાંધીનગરમાં એસ.પી. કચેરી ખાતે પોલિસ જવાનો અને હોમગાર્ડના જવાનો માટે પોસ્ટલ બેલેટથી મતદાન યોજાયું હતું. આ મતદાન વરસાદના કારણે માત્ર ૪૫ ટકા જ થતા હજુ વધુ એક દિવસ મતદાન માટે લંબાવાયો છે.

● શહેરમાં વરસાદને પગલે બપોરે સમગ્ર રાજમાર્ગો સુમસામ થઈ જવા પામ્યા હતા. બપોર પછી વરસાદ અટકતા ટ્રાફિકમાં થોડી ઘણી હલચલ જોવા મળી પરંતુ ખૂબ ઓછો ટ્રાફિક માર્ગો પર જોવા મળ્યો હતો.

● 'ઓખી' વાવાઝોડાના લીધે થયેલ વરસાદને લીધે સેકટરોના આંતરિક માર્ગો પર પણ ચોમાસાની જેમ પાણીનો ભરાવો થયેલો જોવા મળતો હતો.

# ગ્રામ્ય વિસ્તારોના ફાર્મ હાઉસ અને બંગલા બોગસ કોલ સેન્ટરના 'હબ'

## સાંતેજ નજીકના નાંદોલી ગામમાં બંગલો ભાડે રાખી બોગસ ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચલાવતા ત્રણ ઝડપાયા : આર.આર. સેલે દરોડો પાડી સવા લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો





ગાંધીનગર, તા.૫

બોગસ ઈન્ટરનેશનલ કોલ સેન્ટર શરુ કરીને સીટીઝનને ટાર્ગેટ બનાવી તેમના રૂપિયા ખંખેરવાની પ્રવૃત્તિ માટે હવે માસ્ટર માઈન્ડ શખ્સો ગ્રામ્ય વિસ્તારોમાં સેન્ટરો ઉભા કરી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોના પોલિસ સ્ટેશનોમાં મુકવામાં આવતી પોલીસને આઈ.ટી. ક્ષેત્રમાં ખુબ જ ઓછી સમજણ હોય છે. કોમ્પ્યુટર મારફતે થતી છેતરપીંડીની તપાસ કવી રીતે કરવી તે તો ઠીક પરંતુ છેતરપીંડી કેવી રીતે કરાય છે? તેનું પણ જ્ઞાન ઓછું હોવાથી આ ગ્રામ્ય વિસ્તારોમાં પોલિસના દરોડાની બીક હોતી નથી. જેને પગલે ગ્રામ્ય વિસ્તારોના ફાર્મ હાઉસ અને બંગલાઓ બોગસ કોલ સેન્ટરના 'હબ' બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાંથી પણ પકડાયેલા બોગસ કોલ સેન્ટર પૈકી મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારમાંથી પકડાયા હતા તે પણ બહારની એજન્સીઓએ દરોડા પાડી બોગસ કોલ સેન્ટર પકડયા હતા. ગઈ કાલે આર.આર. સેલે સાંતેજ નજીક નાંદોલીમાં એક બંગલામાં દરોડો પાડી ત્રણ શખ્સોને દબોચી લીધા હતા.

મળતી માહિતી મુજબ ગાંધીનગર આર.આર. સેલના પીએસઆઈ ભાવેશ રબારી તથા તેમની ટીમે ગઈ કાલે ચોકકસ બાતમીને આધારે કલોલ તાલુકાના સાંતેજ પોલિસ સ્ટેશનની હદમાં આવતા નાંદોલ ગામમાં વાત્સલ્ય બંગ્લોઝમાં દરોડો પાડી બોગસ ઈન્ટરનેશનલ કોલ સેન્ટર પકડી પાડયું હતું. અમદાવાદના સારંગપુર ખાતે રહેતા નિર્મલ રશીક સોનીએ આ બંગલા નં. ૧૧૭ ભાડે રાખ્યો હતો. આર.આર. સેલે દરોડો પાડી બંગલામાં કોમ્પ્યુટર ઉપર ડીઆઈડી અને આઈબીમ મેન્યુઅલ કોલીંગ સોફટવેરનો ઉપયોગ કરી અમેરિકન સીટીઝનને વિશ્વાસમાં લઈ રૂપિયા ખંખેરતા ત્રણ શખ્સોને દબોચી લીધા છે. સારંગપુરના નિર્મલ રશીક સોની, નડીયાદ, ખેડા ખાતે રહેતા કેવીન ધીરજ વાઘેલા અને વેજલપુર-અમદાવાદ ખાતે રહેતા કેવલ સરજુ ગોંડલીયા નામના ત્રણ શખ્સોને પકડી તેમની ધરપકડ કરી લેવામાં આવી છે. બંગલામાંથી આઈબીમ સોફટવેર (૩ નંગ), એક લેપટોપ, બે કોમ્પ્યુટર સીસ્ટમ, ચાર મોબાઈલ, હેડફોન અને માઉસ સહિત કુલ રૂ. ૧,૦૮,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લઈને સાંતેજ પોલિસ મથકમાં ગુનો દાખલ કરાવી ઉંડી પુછપરછ શરુ કરી છે.

# સરકારી આર્યુવેદ અને હોમિયોપેથિક દવાખાના ખાતે સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવાશે

ગાંધીનગર, તા.૫

આર્યુવેદ શાસ્ત્રમાં બાળકોનું સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકનો જન્મ થાય ત્યારથી શું કરવું? કે જેથી તે હંમેશા માટે નિરોગી બની રહે તેનું વર્ણન આર્યુવેદ ગ્રંથોમાં છે. બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી માટે આયુર્વેદમાં બ્રાહ્મી, શંખપુષ્પી, જેવા દિવ્ય મેઘા વર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્યનક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી વધુ બળવાન હોય છે ત્યારે આગામી તા. ૭ ડિસેમ્બરના રોજ જિલ્લાના તમામ સરકારી આયુર્વેદ અને હોમિયોપેથીક દવાખાના ઉપર સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ તેમજ સાંજે ૪ થી ૬ કલાક સુધી પાંચ વર્ષથી નીચેની વયના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા ફ્રી આપવામાં આવશે. સામાન્ય રીતે બાળકના શરીરમાં જયાં સુધી વૃધ્ધિની સૌથી વધારે પ્રક્રિયા ચાલતી હોય ત્યારે તેને સૌથી વધારે પોષણની જરુર પડે છે. આ ગાળો એ સમગ્ર જીવનના પાયા સમાન છે. પાંચ વર્ષથી નીચેના બાળકને દર પુષ્ય નક્ષત્રમાં સુવર્ણપ્રાશનના ટીપા ચટાડવામાં આવે તો બાળકના બળ, બુધ્ધિ અને મેઘામાં વધારો થાય છે અને શારિરીક-માનસિક વિકાસ ઝડપી બને છે તથા બાળકની રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે.

# આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પાશે

ગાંધીનગર, તા.૫

ભારતના બંધારણના ઘડવૈયા અને મહાન વિશ્વ વિભૂતિ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ સવારે ૯.૦૦ કલાકે અર્પવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ બાબુભાઈ એચ. મેસરવાલા તેમજ હોદ્દેદારો દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમાને ફુલહારવિધિ કરવામાં આવશે. આ પ્રસંગે સવારે ૯ કલાકે હોદ્દેદારોને ડૉ. આંબેડકરની પ્રતિમાએ ઉપસ્થિત રહેવા મહામંત્રી રમેશભાઈ વાણિયા અને દિનકરભાઈ આર. પરમારે જણાવ્યું છે.

# અસ્થિ વિસર્જન પ્રાર્થના સભામાં જોડાવા સ્વજનોને અનુરોધ

ગાંધીનગર, તા.૫

દર ત્રણ માસે હરિદ્વાર ખાતે અસ્થિ વિસર્જન સેવાનું કામ કરતા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા આગામી તા. ૯-૧૨-૨૦૧૭ના રોજ સવારે ૯.૧૫ કલાકે સેકટર-૩૦ મુકિતધામ ખાતે પ્રાર્થનાસભા તેમજ પુષ્પાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે તો તેમાં સૌ સ્વજનો તથા શુભેચ્છકોને જોડાવવા વિનંતી કરવામાં આવી છે.

ગાંધીનગર અંતિમધામ ખાતે અગ્નિ સંસ્કાર પામેલ તથા કુડાસણ અંતિમધામ ખાતે તા. ૯-૯-૧૭થી તા. ૮-૧૨-૨૦૧૭ દરમિયાન અવસાન પામેલ સ્વજનોના અસ્થિ હરિદ્વાર ખાતે તા. ૧૧-૧૨-૨૦૧૭ના રોજ હરકી પેઢી ખાતે સવારે ૭.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન ઉલ્લાસ વોરા તથા જે.કે. પટેલ વિધિવત રીતે વિસર્જન કરશે તો આ મૃતાત્માઓના આત્માની સગદતિ અર્થે શહેર વસાહત મહામંડળ અને જુસિકા દ્વારા આયોજિત પ્રાર્થનાસભામાં જોડાવા તેમના સ્વજનો તથા શુભેચ્છકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# વેટ ચોરીના ગુનામાં ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

## સાંતેજ પોલિસ સ્ટેશનમાં પિતા અને બે પુત્ર સામે ગુનો નોંધાયો હતો : બંને પુત્રોની ધરપકડ થઈ ગઈ : પિતાનું અવસાન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલિસ સ્ટેશનમાં ત્રણેક વર્ષ પહેલા પિતા અને બે પુત્રો સહિત ત્રણ વેપારીઓ સામે વેટ ચોરી સંદર્ભે ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં વોન્ટેડ એક પુત્રને થોડા દિવસો અગાઉ એસઓજીની ટીમે પકડી પાડયો હતો. જયારે બીજા વોન્ટેડ પુત્રને આજ અમદાવાદથી પકડી પાડવામાં આવ્યો છે જયારે પિતાનું અવસાન થઈ ચુકયું છે.

ગુજરાત મુલ્ય વર્ધિત વેરા કલમ-૮૫ (૧) (૪) અંતર્ગત પિતા-પુત્ર ત્રણ વેપારી સામે સાંતેજ પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. વેટ ચોરી કરતા હોવાનો આરોપ ત્રણેય પર છે. આ આરોપીઓ પૈકી પિતાનું અવસાન થઈ ચુકયું છે જયારે અન્ય બે આરોપી પુત્રો નાસતા ફરતા હતા. જે પૈકી તાજેતરમાં ગાંધીનગર એસઓજીની ટીમે એકને પકડીને જેલ હવાલે કર્યો હતો. જયારે આજે એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમે બીજા વોન્ટેડ આરોપી મિહીર મુકુંદભાઈ મોદીને પણ પકડી પાડયો છે. સુરત રહેતો આ આરોપી અમદાવાદ નારણપુરા ખાતે રહેતા તેના સાળાના ઘરે આવ્યો હોવાની બાતમીને આધારે એસઓજીની ટીમે તેને દબોચી લઈ સાંતેજ પોલીસને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# સંત રોહિદાસ સેવા સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૫

સંત શ્રી રોહિદાસ સેવા સમાજ ગાંધીનગરની તાજેતરમાં સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે ભીખાભાઈ કરશનભાઈ વાઘેલા, મંત્રી તરીકે નયનકુમાર દિનેશચંદ્ર ચૌહાણ અને ખજાનચી તરીકે રાજેન્દ્રકુમાર દિનેશભાઈ પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. સૌ નવીન હોદ્દેદારોને સભ્યોએ તાળીઓથી વધાવી લીધા હતા.

# સે-૨૧ હવેલી મંદિર ખાતે વચનામૃત અને પ્રશ્નોત્તરી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપક્રમે પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વિશાલ બાવાશ્રી તથા વહુજી (ચેન્નાઈ સ્થિત)ના સ્વમુખે સંગીતમય શૈલીમાં તા. ૧૦ અને ૧૧ ડિસેમ્બરના રોજ વચનામૃત તેમજ પ્રશ્નોત્તરીના કાર્યક્રમનું આયોજન હવેલી મંદિર, સે-૨૧-ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે તો મોટી સંખ્યામાં વૈષ્ણવોએ તેનો લાભ લેવા જણાવાયું છે.

કાર્યક્રમમાં તા. ૧૦ ડિસેમ્બરને રવિવારના રોજ સવારે વૈષ્ણવોના ઘરે પધરામણી, સાંજે ૪.૦૦ કલાકે વધાઈ ગાન, સાંજે ૫.૦૦ કલાકે વચનામૃત અને પ્રશ્નોત્તરી અને સાંજે ૬.૦૦ કલાકે શયન દર્શનનો કાર્યક્રમ યોજાશે. જયારે તા. ૧૧ ડિસેમ્બરના રોજ સવારે શ્રી ગુંસાઈજીનો પાટોત્સવ સવારે ૯.૦૦ કલાકે શોભાયાત્રા મંદિરથી નીકળી સે-૨૧ જીમખાના થઈ વિશ્વકર્મા શોપીંગથી મંદિર પરત ફરશે. સાંજે ૪.૦૦ કલાકે વચનામૃત અને પ્રશ્નોત્તરી અને સાંજે ૬.૦૦ કલાકે શયન દર્શન કાર્યક્રમ યોજાશે.

# ગાંધીનગર જિલ્લામાં છેલ્લા સપ્તાહમાં ૭૯ નાગરિકોને કૂતરા કરડયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી રખડતા કૂતરાનો ત્રાસ વધી જવા પામ્યો છે. શહેરના માર્ગો પર ગમે ત્યાંથી માર્ગ વચ્ચે કૂતરા આવી જતા વાહનચાલકોને અથડાતા અકસ્માત સર્જાય છે ત્યારે ગાંધીનગર શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મળીને તા. ૨૭થી ૩ ડિસેમ્બર દરમિયાન ૭૯ નાગરિકોને કૂતરા કરડયા હોવાનો બનાવ બનવા પામ્યો છે તો બીજી તરફ શિયાળાની ઠંડીમાં પણ મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉંચકયું છે. મેલેરિયાના-૮, ઝાડા ઉલ્ટીના-૨૦, સર્પદંશ-૧, કમળાના-૭, ડેન્ગ્યુના-૭ કેસ નોંધાયા છે જયારે શરદી-ઉધરસ અને સામાન્ય તાવના દર્દીઓથી ઓપીડી હાલના સમયે પણ ઉભરાઈ રહી છે ત્યારે ભર શિયાળે ઓખી વાવાઝોડાને લીધે માવઠું સર્જાતા આવનાર સમયમાં હજુ પણ શરદી-ખાંસી-તાવ સહિત મચ્છરજન્ય રોગચાળો પણ વધી શકે તેવી સંભાવના આરોગ્ય તંત્ર દ્વારા દ્વારા વ્યકત કરાઈ છે.




હજારો દર્દીઓ જયાં વિવિધ રોગની સારવાર માટે આવે છે તે ગાંધીનગર સિવિલ દર્દીઓ માટે આર્શીવાદરૂપ સાબિત થઈ રહી છે. વળી ગાંધીનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા સપ્તાહમાં ૭૯ નાગરિકોને કૂતરા કરડયાના બનાવો સામે આવ્યા છે જેને પગલે નાગરિકો ઘરમાંથી નીકળતા પણ વિચાર કરે છે તંત્ર કૂતરા પકડવામાં નિષ્ફળ નિવડયું છે તો બીજી તરફ શિયાળાની સીઝન હોવા છતાં મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉંચકતા આરોગ્ય તંત્ર પણ ચિંતિત નજરે પડયું છે.

સિવિલમાં તા. ૨૭ નવેમ્બરથી તા. ૩ ડિસેમ્બર દરમિયાન મેલેરિયાના-૭, કમળાના-૭, ડેન્ગ્યુ-૭, ડોગબાઈટ-૭૯, સર્પદંશના-૧ તેમજ ઝાડા ઉલ્ટીના ૨૦ કેસ નોંધાયા છે. જેને પગલે આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે અને મચ્છજન્ય રોગચાળો ડામવા પ્રયાસો શરુ કરી દીધા છે ત્યારે શિયાળામાં આવેલા માવઠાને પગલે રોગચાળો વધુ વકરે તેવી આશંકા સેવાઈ રહી છે.

# ભગવાન બટન દબાવે શિયાળાનું અને વોટ જાય છે ચોમાસાને...!!

ગાંધીનગર, તા.૫

ચૂંટણીની મૌસમમાં થોડી ઠંડી કોઈને જાણે અસર નહોતી કરતી તેવામાં આજે 'ઓખી' વાવાઝોડાને કારણે વરસેલા વરસાદથી શહેર ઠંડુગાર થઈ જતા દરેકને શિયાળાનો અનુભવ થવા માંડયો છે. રાજયભરમાં વરસાદ વાવાઝોડાના પગલે ચોમાસાની ઋતુ જેવો માહોલ સર્જાયો છે ત્યારે સોશ્યલ મિડિયા પર નેટીઝન્સે ફરી એકવાર રમૂજી ટુચકાઓ બનાવી ફરતા કરી તેની મોજ માણી હતી. આ ટુચકાઓમાં વાતાવરણ સાથે ચૂંટણીના માહોલને પણ આવરી લેવાયો હતો. આવો માણીએ કેટલાક મજેદાર ટુચકા જે આજે સોશ્યલ મિડિયા પર વાંચવા મળ્યા હતા :

● વાહ રે મૌસમ વાહ.... તે પણ માણસ પાસેથી છેવટે શીખી જ લીધું, ગમે ત્યારે પલટો મારવાનું...!!

● જેમના આવતા બે દિવસમાં લગ્ન છે...
ભગવાન એમને શકિત આપે..
બબ્બે વાવાઝોડાનો સામનો કરવાની...!!

● જાહેર ચેતવણી-
ઓખી વાવાઝોડું દક્ષિણ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે ત્યારે સલામતીના પગલા રૂપે અગત્યના કામ વગર બહાર નીકળવું નહીં.

● આજીવન ચેતવણી-
જરૂર વગર ઘરમાં પણ ના રહેવું, કેમ કે ઘરમાં પણ એક વાવાઝોડું છે એ હકીકતને ધ્યાનમાં રાખવી...

● મૌસમમાં પણ ચૂંટણીનો માહોલ છે..
ભગવાન શિયાળાનું બટન દબાવે છે, ને વોટ ચોમાસામાં જાય છે..!!

● સાલુ એ સમજાતું નથી કે..
ભજીયા ખાવા કે અડદિયા...?

● અન્યાય..!! બીજે બધે નીલમ, નરગીસ, મારિયા, નિલોફર, કેટરિના... અને ગુજરાતમાં 'ઓખી'?

● કોઈએ કાલે મને પુછયું કે ભાઈ 'માવઠું એટલે શું?' મેં કીધું પરણેલી પ્રેમિકા અચાનક સામે મળે...અને આંખમાં જે હરખની હેલી ઉભરાઈ આવે એનું નામ 'માવઠું.' પણ પાછળ આપણી પરણેલી ઉભી હોય તો માવઠું આપોઆપ વાવાઝોડામાં પલટાઈ જાય.


● દરેકના ઘરે ઓખીના રૂપમાં અનોખું વાવાઝોડું છે જ.. નામ એક...ઓખી...ઓળખ...નોખી નોખી...

● 'ઓખી' એ અનોખી કરી રીત,
ભર શિયાળે સાવન હારે કરી પ્રિત.

● છેક નીચે ધરા પરથી એને કોણ વઢયું, કે આ આભ પોષ મહિને આટલું રડયું?

● જુન મેં કભી હોલી નહી હોતી, મે મેં કભી દિવાલી નહી હોતી, કોઈ પ્યાર ભરા દિલ રોપા હોગા, વર્ના ડિસેમ્બર મેં કભી બારીશ નહીં હોતી.

● સવાલ એ નથી કે ભાજપ આવશે કે કોંગ્રેસ,
સવાલ એ છે કે સ્વેટર પહેરવું કે રેઈનકોટ?




● આજની તારીખમાં ઘણા બધા લગ્ન હતા એ બધાને શું સમજવું...?
લગ્નના પ્રથમ દિવસથી જ વાવાઝોડાનો પ્રારંભ થયો...!

● કામમાં કયાં મન લાગે છે,
આજે લંડન જેવું લાગે છે,
ચારે તરફ ધુમ્મસ ધુમ્મસ,
મન ડુમ્મસ જવા માંગે છે.

● કોંગ્રેસ આવે છે કે નહી તે ખબર નથી
ભાજપ રહેશે કે નહી તે ખબર નથી
પણ આઘા રેજો ઓખી આવે છે,
સાચવજો નહી તો મતદાર યાદીમાંથી નામ કમી થઈ જશે.

● કોઈક યાંત્રિક ખામીના લીધે શિયાળાની જગ્યાએ ફરીથી ચોમાસુ ચાલુ કરવામાં આવ્યું છે. ઉપરનો લિકેજ રીપેર થયા પછી શિયાળો ચાલુ કરવામાં આવશે.

**- લિ. આપનો ઈન્દ્રદેવ**

## ચિરવિદાય

- સ્વ. જશોદાબેન ધનજીભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૭
- સ્વ. બબલુ કનોજીયા, ઉ.વ. ૩૦
- સ્વ. હર્ષદરાય નટવરલાલ જાની, ઉ.વ. ૮૦
- સ્વ. અંકિતકુમાર દશરથભાઈ પરમાર, ઉ.વ. ૨૧
- સ્વ. ગીતાબેન મંગાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૫